૨૯-૧૨-૨૦૨૨ પ્રાતઃમોરલી ઓમ્ શાંતિ “બાપદાદા” મધુબન

**“મીઠાં બાળકો - કોઈ કેટલાં પણ ગુણવાન હોય, મીઠાં હોય, ધનવાન હોય તમારે એનાં તરફ આકર્ષિત નથી થવાનું, શરીર ને યાદ નથી કરવાનું”**

**પ્રશ્ન :-** જે બાળકોને જ્ઞાન મળ્યું છે એનાં મુખે થી બાપનાં પ્રત્યે કયા મીઠાં બોલ નીકળે છે?

**ઉત્તર :-** ઓહો! બાબા તમે તો અમને જીયદાન (જીવન દાન) આપી દીધું. મીઠાં બાબા તમે અમને સૃષ્ટિનાં આદિ-મધ્ય-અંત નું જ્ઞાન આપીને સર્વ દુઃખો થી છોડાવી દીધાં તો કેટલો ધન્યવાદ નીકળવો (કિટલો આભાર માનવો) જોઈએ.

**પ્રશ્ન :-** અંત નાં સમયે બાપનાં સિવાય કોઈમાં પણ રગ ન જાય એનાં માટે શું કરવાનું છે?

**ઉત્તર :-** બાબા કહે બાળકો - કોઈ પણ વસ્તુ લોભનાં વશ પોતાની પાસે એક્સ્ટ્રા (વધારે) નથી રાખવાની. એક્સ્ટ્રા રાખશો તો એમાં રગ જશે. બાપની યાદ ભુલાઈ જશે.

**ગીત :-** ધીરજ ધર મનુવા.....

**ઓમ્ શાંતિ!** બાળકોને ધીરજ કોણ આપી રહ્યું છે? બાળકોની બુદ્ધિ ઝટ બેહદનાં બાપ તરફ ચાલી જાય છે. તે પણ ફક્ત આ સમયે જ આપ બાળકોની બુદ્ધિ જાય છે. આમ તો બેહદનાં બાપની તરફ અનેકોની બુદ્ધિ જાય છે. પરંતુ એમને એ ખબર જ નથી કે આ સંગમયુગ છે. બાપ આવેલાં છે, બધાંને એક જ વાર માં ખબર તો નથી પડી શકતી. બાળકો બાપ નાં બને તો ખબર પડે. હવે આપ બાળકોએ બાપને જાણ્યાં છે. જાણો છો બાબા આવેલાં છે. બેહદનો વારસો આપી રહ્યાં છે, જે ૫ હજાર વર્ષ પહેલાં તમને આપ્યો હતો. એ આવે જ છે બાળકોને બેહદ સ્વર્ગનો વારસો આપવાં. એ બેહદનાં બાપ હોવા છતાં ભણાવે પણ છે. ભગવાન એટલે બાપ પછી ભગવાનુવાચ અર્થાત્ ભણાવે છે. ભણાવે શું છે? તે પણ આપ બાળકો સમજો છો. અમે બાપનાં સન્મુખ બેઠાં છીએ. બાબાએ કોઈ શાસ્ત્ર તો વાંચેલા નથી. આ દાદાએ વાંચેલા છે. એમને કહેવાય જ છે જ્ઞાન નાં સાગર, ઓલમાઈટી ઓથોરિટી (સર્વ શક્તિવાન). સ્વયં પણ કહે છે હું બધાં વેદો, શાસ્ત્રો વગેરેને સારી રીતે જાણું છું - આ બધી ભક્તિમાર્ગ ની સામગ્રી છે. આ મારા રચેલા નથી. પુછાય છે આ શાસ્ત્ર ક્યારથી વાંચતા આવ્યાં છો? તો કહે છે આ પરંપરા થી ચાલ્યું આવે છે. બાપ કહે છે મને તો કોઈ ભણાવવા વાળા નથી. નથી મારો કોઈ બાપ બીજા બધાં ગર્ભ માં પ્રવેશ કરે છે, માતા ની પરવરીશ લે છે. હું તો ગર્ભમાં આવતો જ નથી, જે માતાની પરવરીશ લઉં. મનુષ્ય નો આત્મા ગર્ભમાં જાય છે. સતયુગનાં લક્ષ્મી-નારાયણે પણ તો ગર્ભ થી જન્મ લીધો. તો એ પણ મનુષ્ય થયાં. હું તો આ શરીરમાં આવીને પ્રવેશ કરું છું, ડ્રામા પ્લાન અનુસાર કલ્પ પહેલાં માફક. આ અક્ષર બીજા કોઈ જાણતાં નથી. કલ્પની આયુની જ કોઈને ખબર નથી. બાપ જ સમજાવે છે હું તમારો બાપ પણ છું, શિક્ષક પણ છું, સતગુરુ પણ છું. તમે જાણો છો આ બાબા મિલકત આપવા વાળા છે. બાબા સ્વર્ગ ની બાદશાહ આપવા આવ્યાં છે. નર્ક ની રાજાઈ થોડી આપશે! આ બુદ્ધિમાં રહેવું જોઈએ કે બેહદ નાં બાપ આપણને રાજયોગ શિખવાડી રહ્યાં છે. બાપ સ્વર્ગની સ્થાપના કરવાવાળા છે. કહે છે મારી મત પર ચાલો, હું તમને સ્વર્ગ નાં માલિક બનાવું છું. પછી દ્વાપર થી તમે રાવણ ની મત પર ચાલો છો. સતયુગ માં તો કોઈ મનુષ્ય ની મત ગતિ-સદ્ગતિ માટે મળતી નથી. જરુર નથી. કળિયુગ માં બધાં ગતિ સદ્ગતિ માટે મત માંગે છે. જાણે છે અમે કોઈ સમયે સ્વર્ગ માં હતાં, પાવન હતાં, ત્યારે તો પોકારે છે - હે પતિત પાવન, હે

સદ્ગતિ દાતા અમને સદ્ગતિ આપો. સતયુગ માં આ રડી નથી મરાતી. હમણાં તમે જાણો છો બાબા આવેલાં છે. ખૂબ સરળતા થી રાજયોગ અને સહજ જ્ઞાન ની મત આપે છે. એમની શ્રીમત છે. ઊંચા માં ઊંચા છે ભગવાન. એમનાંથી ઊંચુ કોઈ નથી, અને એ આપણા રુહાની બાપ છે. રુહાની ફાધર (પિતા) હોવાનાં કારણે એ રુહો ને જ જ્ઞાન આપે છે, શરીરધારી ફાધર (શરીરનાં પિતા) હોવાથી બાળકો શારીરિક નોલેજ (શરીર નું જ્ઞાન) ઉઠાવે છે એટલે બાપ કહે છે - આત્મ અભિમાની બનો અને બાપને યાદ કરો. કોઈ પણ શરીરધારી ની યાદ ન રહેવી જોઈએ. તમે આત્મા છો, મનુષ્ય ભલે કેટલો પણ સારો હોય, ધનવાન હોય, મીઠો હોય તો પણ દેહધારી ને યાદ નથી કરવાનાં. એક પરમપિતા પરમાત્મા ને જ યાદ કરવાનાં. કોઈ સાહૂકાર નો બાળક હશે તો બાપ ને જ યાદ કરશે. ગાંધી ને અથવા શાસ્ત્રી વગેરેને થોડી યાદ કરશે. સૌથી વધારે યાદ પરમપિતા પરમાત્મા ને કરે છે પછી કોઈ લક્ષ્મી-નારાયણ ને, કોઈ રાધા-કૃષ્ણ ને પણ કરે છે. સમજે છે આ થઈને ગયાં છે. એમની હિસ્ટ્રી-જોગ્રોફી પણ છે. ઊંચા માં ઊંચા છે બાપ, એ ફરી આવશે, જરુર વર્લ્ડ ની હિસ્ટ્રી-જોગ્રોફી રિપીટ થશે. કળિયુગ પછી ફરી સતયુગ આવશે. પરંતુ આ સિવાય આપ બાળકોનાં બીજા કોઈને પણ ખબર નથી. ફક્ત કહેવા માત્ર કહે છે - હિસ્ટ્રી-જોગ્રોફી રિપીટ. સમજતાં કાંઈ પણ નથી. પહેલાં તમે પણ એવાં હતાં. સમજતાં હતાં બરાબર લક્ષ્મી-નારાયણ નું રાજ્ય હતું, પરંતુ કેટલો સમય ચાલ્યું, શું થયું પછી એ ક્યાં ચાલ્યાં ગયાં, કાંઈ પણ ખબર નહોતી. હમણાં પણ નંબરવાર સારી રીતે ધારણ કરી શ્રીમત પર ચાલો છો - આ પણ ઠીક છે. મન્સા-વાચા-કર્મણા મદદ આપો છો. જ્ઞાન અને યોગ ની મદદ થી અનેકોનું કલ્યાણ કરશો.

તમે શક્તિ સેના ડબલ અહિંસક છો. તમારામાં કોઈપણ હિંસા નથી. તમે કોઈને પણ દુઃખ નથી આપતાં. હિંસા અર્થાત્ દુઃખ આપવું. ઘૂસો મારવો, તલવાર ચલાવવી અથવા કામ કટારી ચલાવવી - આ બધું દુઃખ આપવું છે. તમે કોઈ પણ પ્રકારનું દુઃખ નથી આપતા એટલે અહિંસા પરમોધર્મ કહેવાય છે. મનુષ્ય તો બધાં હિંસા કરે છે. છે જ રાવણ રાજ્ય. મનુષ્યોએ તો શ્રીકૃષ્ણનાં ચરિત્રોમાં પણ હિંસા દેખાડી છે. આપ બાળકો જાણો છો શ્રીકૃષ્ણ તો રાજકુમાર હતો, એમનાં એવાં ચરિત્ર કે જીવનકહાણી ની વાત નથી. ચરિત્ર છે જ ઈશ્વરનાં. એ જ રતનાગર, સોદાગર, જ્ઞાનનાં સાગર, જાદુગર છે. અરે, નિરાકાર પરમાત્મા પછી સોદો કેવી રીતે કરશે? સોદાગર તો મનુષ્ય હશે ને. આ બધી વાતો ને તમે જાણો છો તો કેવી રીતે સોદાગર અને રતનાગર છે. એમને બધાં કેમ યાદ કરે છે? હે પતિત-પાવન, સર્વનાં સદ્ગતિ દાતા, દુઃખહર્તા સુખકર્તા. મહિમા પણ એકની છે. આ મહિમા ન તો સૂક્ષ્મવતન વાસી, ન સ્થૂળવતન વાસી ની હોઈ શકે છે. આ મહિમા છે મૂળવતન વાસી ની. ઊંચા માં ઊંચા છે બાપ, આપણે આત્માઓ એમનાં બાળકો છીએ. આપણે બધાં નંબરવાર પાર્ટ ભજવવા આવીએ છીએ. બાપ કહે છે - આ જે જ્ઞાન તમને સંભળાવું છું - તે પ્રાયઃલોપ થઈ જાય છે. તે ગીતાઓ તો અસંખ્ય છે. છતાં પણ જૂની ગીતાઓ નીકળશે. તમારા કાગળ થોડી નીકળશે. ગીતા ઘણી ભાષાઓમાં છે. ઊંચા માં ઊંચી ગીતા છે પરંતુ બધી બનાવી છે મનુષ્યોએ, યથાર્થ તો છે નહીં. એટલે બધાં અંધારામાં છે, ત્યારે ગવાય છે જ્ઞાન સૂર્ય પ્રગટા....આ સૂર્યની મહિમા નથી.. જ્ઞાન સૂર્યની મહિમા છે. આ સૂર્ય ધૂપ આપે, સાગર પાણી આપે, એનું નામ આનાં પર, આનું નામ એનાં પર લગાવી દીધું છે. જ્ઞાનસાગર ને જ જ્ઞાન સૂર્ય કહે છે. તમે જાણો છો આપણું અંધારું હવે દૂર થઈ ગયું છે. સૃષ્ટિનાં આદિ-મધ્ય-અંત ને તમે જ જાણો છો. જ્યારે રચયિતા નાં પાર્ટ ને જાણો છો તો બીજા નાં પાર્ટ ને પણ જરુર જાણતાં હશો. તમને જ્ઞાન મળી રહ્યું છે. તમે જાણો છો આ બાબા ખૂબ પ્યારા છે. અમને જીયદાન આપે છે. દુઃખ થી છોડાવે છે. કાળનાં પંજા માંથી છોડાવે છે. કોઈ મરતા-મરતા બચી

જાય છે - કહે છે ડોક્ટરે જીયદાન આપ્યું. તમને તો એક જ વાર એવું જીયદાન મળે છે - જે તમે ક્યારેય બીમાર નહીં થાઓ, પછી આ નહીં કહેવું પડે કે ફલાણાએ જીયદાન આપ્યું. આ છે બિલકુલ નવી વાત.

હમણાં તમે જીતે જી બાપનાં બન્યાં છો. કોઇ-કોઇ ને પછી માયા રાવણ પોતાની તરફ ખેંચી લે છે. એને કહેશે રાવણ રુપી કાળ ખાઇ ગયો. ઈશ્વરીય ગોદ (ખોળા) માં આવીને પછી બદલીને આસુરી ખોળામાં ચાલ્યાં જાય છે. કાળે નથી ખાધા પરંતુ જીતે જી ઈશ્વરનાં બન્યાં, પછી જીતે જી રાવણ નાં બની જાય છે. અહીં ધર્માત્મા બન્યાં પછી ત્યાં જઇને અધર્મી બની જાય છે. અહીં સંગમ પર ધર્મનું રાજ્ય છે, ત્યાં અધર્મનું રાજ્ય છે. સતયુગ માં છે જ એક ધર્મ. કળિયુગ માં છે અધર્મ નું રાજ્ય, કૌરવ રાજય. પાંડવોની સાથે કહે છે શ્રીકૃષ્ણ હતાં. તમારી સાથે તો શિવબાબા છે. જુગાર ની વાત નથી. રાજાઇ નથી કૌરવોની, નથી પાંડવોની. બાપ આવીને ધર્મનું રાજ્ય સ્થાપન કરે છે. ઈચ્છે પણ છે રામ રાજ્ય હોય. અમે સ્વર્ગવાસી બન્યાં અર્થાત્ આ નર્ક છે. પરંતુ કોઈની સીધા નર્કવાસી કહીએ તો બગડી જાય છે. બાપ બાળકોને સમજાવે છે. બેહદનાં બાપ નિરાકાર છે. બેહદનાં બાપ ને જ ભગવાન કહેવાય છે. હદનાં બાપને ભગવાન થોડી કહેવાશે. શ્રીકૃષ્ણ ને થોડી જ્ઞાન સાગર, પતિત-પાવન કહેવાશે. એમની મહિમા ફક્ત આપ બ્રાહ્મણ જાણો છો. તમને બાપ આવીને આપ સમાન બનાવે છે. બાપ પણ જાણે છે, આપ બાળકો પણ જાણો છો, વારસો મળી જાય છે. જેમકે લૌકિક બાપ પાસે થી બાળકોને વરસો મળે છે. એ તો અલગ-અલગ છે. અહીં તમે સમજો છો અમે બેહદનાં બાપ પાસે થી વારસો મેળવી રહ્યાં છીએ. એવી કોઈ સ્કુલ કે સત્સંગ હશે નહીં, જ્યાં બધાં કહે અમે બેહદનાં બાપ પાસે થી વારસો લેવા આવ્યાં છીએ. અહીં બાપ રાજયોગ શિખવાડે છે. કહે છે તમે નર થી નારાયણ બનશો. તે જરુર સંગમયુગ અર્થાત્ કળિયુગ અંત અને સતયુગ આદિ નો સંગમ હશે ત્યારે તો તમે પુરુષાર્થ કરીને નર થી નારાયણ બનશો. આ રાજયોગ આપણે બાબા પાસે થી શિખી રહ્યાં છીએ - નર થી નારાયણ, નારી થી લક્ષ્મી બનવા માટે. નર-નારાયણ નું મંદિર પણ બનાવે છે. એમને ૪ ભુજાઓ આપે છે કારણ કે સાથે છે. નારી લક્ષ્મી નું પછી મંદિર નથી. નારી લક્ષ્મીને દિવાળી પર બોલાવે છે. એને મહાલક્ષ્મી કહે છે. તમે લક્ષ્મીની મૂર્તિ ૪ ભુજાઓનાં સિવાય નહીં જોશો. જેને પૂજે છે, આ યુગલ વિષ્ણુનું રુપ છે, એટલે ૪ ભુજાઓ આપી છે. આ વાતો બધી વાતો બાપ જ સમજાવે છે. મનુષ્ય તો કાંઇ જાણતાં નથી. ભગવાન ને શોધતા રહે છે. ધક્કા ખાતા રહે છે. ભગવાન તો છે જ ઉપર પછી શોધવાની શું જરુર છે. મંદિરમાં જે શ્રીકૃષ્ણનું ચિત્ર છે તે ચિત્ર ઘર માં રાખી કેમ નથી પૂજતાં? ખાસ મંદિરમાં જ કેમ જાય છે? મંદિર માં જશે, પૈસા રાખશે, દાન કરશે. ઘર માં દાન કોને કરશે? તો આ બધાં ભક્તિમાર્ગ નાં રિવાજ છે. બાપ કહે છે તમારે કોઇ પણ ચિત્ર રાખવાની જરુર નથી. શું તમે શિવબાબા ને નથી જાણતાં જે ચિત્ર રાખો છો? શું ચિત્ર રાખવાથી યાદ કરી શકો છો? બાબા જીવતા છે પછી બાળકો ચિત્ર કેવી રીતે રાખશે? બાપ તમને જ્ઞાન આપી રહ્યાં છે પછી ચિત્ર શું કરશો? વૃધ્ધ છે યાદ ભુલાઈ જાય છે એટલે ચિત્ર અપાય છે. બાકી બીજા કોઈપણ દેહધારી ને યાદ કરતા રહેશો તો અંત સમયે એ જ યાદ આવશે. કાંઈ ને કાંઇ રગ છે તો તે તમારી પાછળ પડશે. પછી ભલે કેટલાં પણ શિવબાબા નાં ચિત્ર રાખો. જો રગ બીજા તરફ હશે તો તે યાદ જરુર આવશે એટલે બાપ કહે છે બાળકો પૂરાં નષ્ટોમોહા થઈ જાઓ. કોઈપણ વસ્તુ માં મોહ હશે, ૨-૪ જોડી ચપ્પલ હશે તો તે યાદ આવશે એટલે કહેવાય છે વધારે કોઇ પણ વસ્તુઓ નહીં રાખો. નહીં તો બુદ્ધિ એમાં જશે. સિવાય બાપનાં બીજા કોઈને યાદ ન કરો. લોભ હોય છે ને - અમે સારા-સારા વસ્ત્ર રાખીએ, ૨-૪ ચપ્પલ રાખીએ, ઘડિયાળ રાખીએ. થોડા પૈસા રાખીએ. રાખશો તો તે યાદ આવશે. બાબાને ખબર હોવી જોઇએ - તમારી પાસે શું રાખ્યું

છે. હકીકતમાં તમારે કાંઈ પણ રાખવાનું નથી, જે મળે છે તે જ રાખવાનું છે. એક બાપનાં સિવાય બીજું કાંઈ પણ યાદ ન રહે. એટલી પ્રેક્ટિસ કરવાની છે - ત્યારે જ વિશ્વનાં માલિક બનશો. આ કોઈ નથી સમજતાં કે રાધા-કૃષ્ણ વિશ્વનાં માલિક હતાં, ફક્ત કહે છે ભારતમાં રાજ્ય કરીને ગયાં છે. જમુના કિનારા પર એમનાં મહેલ હતાં. પરંતુ એ આખાં વિશ્વ નાં માલિક હતાં. આ ફક્ત તમારી બુદ્ધિમાં છે. બેહદનાં બાપ બેહદનાં માલિક બનાવવા આવ્યાં છે. પ્રજા અને રાજા માં ફરક ખૂબ છે. અહીં તમે નરથી નારાયણ બનવા આવ્યાં છો તો પૂરું ફોલો કરો (અનુસરો). ફકીર થી અમીર બનવાનું છે. એટલો પુરુષાર્થ કરવો જોઈએ. ખુશીથી ભણવું જોઈએ. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

**ધારણા માટે મુખ્ય સારઃ-**

1) જ્ઞાન-યોગ થી બધાંને મદદ કરવાની છે. ડબલ અહિંસક બનવાનું છે. કોઈને પણ દુઃખ નથી આપવાનું.

2) નષ્ટોમોહા બનવાનું છે. કોઈપણ વસ્તુમાં બુદ્ધિની રગ નથી રાખવાની. એક બાપ ની યાદ સદા રહે - એની પ્રેક્ટિસ કરવાની છે.

**વરદાન :- બ્રાહ્મણ જીવન માં યાદ અને સેવા નાં આધાર દ્વારા શક્તિશાળી બનવા વાળા માયાજીત ભવ**

બ્રાહ્મણ જીવનનો આધાર છે યાદ અને સેવા. જો યાદ અને સેવાનો આધાર કમજોર છે તો બ્રાહ્મણ જીવન ક્યારેક તેજ ચાલશે, ક્યારેક ઢીલું ચાલશે. કોઈ સહયોગ મળે, કોઈ સાથ મળે, કોઈ સંજોગ મળે તો ચાલશે નહીં તો ઢીલા થઈ જશે એટલે યાદ અને સેવા બંનેમાં તીવ્રગતિ જોઈએ. યાદ અને નિઃસ્વાર્થ સેવા છે તો માયાજીત બનવું ખૂબ સહજ છે પછી દરેક કર્મ માં વિજય દેખાશે.

**સ્લોગન :-** વિઘ્ન વિનાશક એ જ બને છે જે સર્વ શક્તિઓથી સંપન્ન છે.